અપીલ અરજી નં.૧૮૯ તા.૨૭–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી યાસીન મોહમ્મદ હનીફ પઠાણ
સામાવાળા:– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી યાસીન મોહમ્મદ હનીફ પઠાણની તા.૧૮–૬–૧૧ની અરજીથી વોર્ડ નં. ૨.નોંધ નં.૪૦૬૨–સી–૬વાળી મિલ્કતમાં જયેશભાઈ કંચનભાઈ જરીવાળા જેઓ ગેરકાયદેસર રીતે રેસીડેન્સ ઝોનમાં આવેલ સદર મિલ્કતનાં ગ્રાઉન્ડ ફલોર ઉપર એમ્બ્રોડરી મશીન નંગ ૧૪ ચલાવે છે તથા ફર્સ્ટ ફલોર પર જરી કામના મશીન ચલાવે છે જે અનુસંધાને નીચે મુજબની માહિતી આપવા મહેરબાની કરશોજી.મુદ્દા નં. (૧) એમ્બ્રોડરી મશીનરી નાંખવા માટેની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ? અને જો આપવામાં આવી હોય તો કયારે આપવામાં આવી તેની માહિતી તથા પરવાનગી લેટર વિ.મુદ્દા નં.(૧) થી (૩) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૮૯/૨૦૧૧–૧૨

શ્રી યાસીન મોહમ્મદ હનીફ પઠાણની તા.૧૮–૬–૧૧ની અરજીથી વોર્ડ નં. ૨.નોંધ નં.૪૦૬૨–સી–૬વાળી મિલ્કતમાં જયેશભાઈ કંચનભાઈ જરીવાળા જેઓ ગેરકાયદેસર રીતે રેસીડેન્સ ઝોનમાં આવેલ સદર મિલ્કતનાં ગ્રાઉન્ડ ફલોર ઉપર એમ્બ્રોડરી મશીન નંગ ૧૪ ચલાવે છે તથા ફર્સ્ટ ફલોર પર જરી કામના મશીન ચલાવે છે જે અનુસંધાને નીચે મુજબની માહિતી આપવા મહેરબાની કરશોજી.મુદ્દા નં. (૧) એમ્બ્રોડરી મશીનરી નાંખવા માટેની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ? અને જો આપવામાં આવી હોય તો કયારે આપવામાં આવી તેની માહિતી તથા પરવાનગી લેટર વિ.મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૭–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૬ તા.૫–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૮–૬–૧૧ ની અરજીથી વોર્ડ નં.૨ નોંધ નં.૪૦૬૨/સી–૬ ની મિલ્કતમાં મશીનરીની પરવાનગી ગુમાસ્તા લાયસન્સ અને આકારણી બાબતેની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગેવોર્ડ નં. ૨.નોંધ નં.૪૦૬૨–સી–૬વાળી મિલ્કતમાં જયેશભાઈ કંચનભાઈ જરીવાળા જેઓ ગેરકાયદેસર રીતે રેસીડેન્સ ઝોનમાં આવેલ સદર મિલ્કતનાં ગ્રાઉન્ડ ફલોર ઉપર એમ્બ્રોડરી મશીન નંગ ૧૪ ચલાવે છે તથા ફર્સ્ટ ફલોર પર જરી કામના મશીન ચલાવે છે જે અનુસંધાને નીચે મુજબની માહિતી આપવા મહેરબાની કરશોજી.મુદ્દા નં. (૧) એમ્બ્રોડરી મશીનરી નાંખવા માટેની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ? અને જો આપવામાં આવી હોય તો કયારે આપવામાં આવી તેની માહિતી તથા પરવાનગી લેટર. મુદ્દા નં.(૨) સુરત મહાનગપાલિકામાંથી ગુમાસ્તાધારા કાયદા હેઠળ લાયસન્સ આપવામાં આવ્યું છે કે કેમ? અને જો આપવામાં આવ્યું હોય તો તે લાયસન્સની નકલ આપશોજી. મુદ્દા નં.(૩) સદર મિલ્કતની આકારણી કોમર્શીયલ છે કે રેસીડન્ટમાં છે? તથા સદર મિલ્કતની આકારણી કયા વર્ષમાં કરવામાં આવેલી તેની માહિતી દર્શાવતું પત્રકની નકલ આપશોજી. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ માહિતી ન મળતાં અરજદારે માહિતી મળેલ નથી તેથી વિના મૂલ્યે માહિતીની માંગણી તેમજ રાજય માહિતી આયોગમા દંડાત્મક કાર્યવાહીની રજૂઆત કરી નારાજ થઈ તા. ૨૭–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ પરંતુ તે અંગે કોઈ વિગતો અત્રે મળેલ નથી તેમજ અરજદારને માહિતી પૂરી પાડયા હોવાનું જણાતું નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોય દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી યાસીન મોહમ્મદ હનીફ પઠાણ